# ગીર ગઢડામાં ૫૫ કિલો ગાંજાનું વાવેતર ઝડપાયું

## SOGએ રૂ.૨૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી એકની ધરપકડ કરી

કૈલૈશ ભટ્ટ ઉના

ગીર ગઢડામાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ ગાંજાનું મોટા પાયે વાવેતર ઝડપી પાડ્યું છે. ગત રાત્રિના સમયે ઉના રોડ પર ઢોરા શેરીમાં આવેલા એક મકાનના વાડામાંથી ૫૫ કિલોથી વધુ ગાંજો મળી આવ્યો હતો. તેની બજાર કિંમત રૂ.૨૭.૬૬ લાખ આંકવામાં આવી છે.





જીઁના ઇન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડા અને પી.એસ.આઈ. રીના સુવા સહિતના સ્ટાફને ગાંજાના વાવેતર અંગે બાતમી મળી હતી. આ બાતમીના આધારે ટીમે ૭૫ વર્ષીય ભીખાભાઈ અતુભાઈ મકવાણાના રહેણાંક મકાનના વાડામાં દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન, વાડામાંથી ૦.૫ થી ૪ ફૂટની લંબાઈના ગાંજાના છોડ મળી આવ્યા હતા, જેનું કુલ વજન ૫૫ કિલોથી વધુ થયું હતું. પોલીસે ૨૭,૬૬,૦૦૦ના ગાંજા ઉપરાંત રૂ.૫,૦૦૦નો એક મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. કુલ રૂ.૨૭,૭૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાથમિક પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી ભીખાભાઈને ગાંજો પીવાની ટેવ હોવાથી તેમણે પોતાના ઘરના વાડામાં તેનું વાવેતર કર્યું હતું.પોલીસે આરોપી ભીખાભાઈ મકવાણા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનારના કાજ ગામે ગેરકાયદે વીજ કરંટથી યુવાન સિંહનું મોત

## આરોપી જુનાગઢ જેલહવાલે; લીમખેડામાં અજાણ્યા વાહને દીપડાનો જીવ લીધો, ગુજરાતના વન્યજીવો પર આફત

કૈલૈશ ભટ્ટ ઉના :છેલ્લા કેટલાક દિવસોમાં રાજ્યમાં વન્યજીવોના મોતના બે અલગ-અલગ અને આઘાતજનક બનાવો સામે આવ્યા છે. ગીર સોમનાથમાં માનવ લાલચે એશિયાટિક સિંહનો ભોગ લીધો છે, જ્યારે દાહોદમાં પૂરપાટ ઝડપે દોડતાં વાહને દીપડાનો જીવ લીધો છે.

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામે ગત ૨ ફેબ્રુઆરીએ ૩થી ૫ વર્ષના એક યુવાન એશિયાટિક સિંહનું ગેરકાયદે વીજકરંટ લાગવાથી કરૂણ મોત નીપજ્યું હતું. આ ઘટનાએ વન વિભાગની પેટ્રોલિંગ વ્યવસ્થા અને સ્થાનિક તંત્રની સતર્કતા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

ખેડૂત માનસિંગ ઝાલાએ પોતાની વાડીમાં જંગલી ભૂંડ અને નીલગાયથી પાક બચાવવા માટે ગેરકાયદે વીજ કરંટ મૂક્યો હતો. શરૂઆતમાં ગુનો નકારનાર આરોપીએ વન વિભાગની કડક પૂછપરછ અને ટેકનિકલ તપાસ સામે નમવું પડ્યું અને પોતાનો ગુનો કબૂલ્યો. ડીએફસી પ્રશાંત તોમરના માર્ગદર્શન હેઠળ વન વિભાગે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી આરોપીને કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી તેને જૂનાગઢ જેલહવાલે કરવામાં આવ્યો છે.

# અમરેલીના જેસીંગપરા બ્રિજ માટે રૂ.૨૨ કરોડ મંજૂર

## મંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસથી ૭૦ વર્ષ જૂના બ્રિજનું નવીનીકરણ થશે, દૈનિક ૨૫ હજાર લોકોની અવરજવર

અમરેલી :અમરેલી શહેરમાં જેસીંગપરા (કામનાથ) બ્રિજના નવીનીકરણ માટે રાજ્ય સરકારે રૂ.૨૨ કરોડની મંજૂરી આપી છે. આ અતિઆધુનિક સબમર્સિબલ બ્રિજનું નિર્માણ અમરેલીના ધારાસભ્ય અને રાજ્ય સરકારના કાયદા મંત્રી કૌશિક વેકરિયાના પ્રયાસોથી શક્ય બન્યું છે.

ઉલ્લેખનીય છે કે આ બ્રિજ આશરે ૭૦ વર્ષ જૂનો અને અત્યંત જર્જરિત હાલતમાં હતો, જેના કારણે તેને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. આ બ્રિજ પરથી દૈનિક અંદાજે ૨૦થી ૨૫ હજાર નાગરિકોની અવરજવર રહેતી હતી, જેના કારણે શહેરના ટ્રાફિક અને જનસુરક્ષાને લગતી ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી.

પ્રજાજનોની સુરક્ષા અને સુગમ વાહનવ્યવહાર સુનિશ્ચિત કરવા માટે મંત્રી કૌશિક વેકરિયાએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરી હતી. જેના પરિણામે, રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમરેલી-જેસીંગપરા (કામનાથ) બ્રિજના નિર્માણ માટે ?૨૨ કરોડના કામને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે.

મંત્રી કૌશિક વેકરિયાએ આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ બ્રિજના નિર્માણથી અમરેલી શહેરના નાગરિકોને સુરક્ષિત અને સરળ વાહનવ્યવહારની સુવિધા મળશે, તેમજ લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

# અમરેલીમાં વીજ લાઇનના કેબલ ડ્રમમાં ભીષણ આગ, રૂ. ૨૮.૪૫ લાખનો સરકારી સામાન બળીને ખાખ

અમરેલી

અમરેલી શહેરના સિટી વિસ્તારમાં વીજ લાઇનના નવીનીકરણ માટે રાખવામાં આવેલા કેબલ વાયરના ડ્રમમાં અચાનક આગ ફાટી નીકળતા લાખો રૂપિયાનું નુકસાન થયું હતું. રહેણાંક મકાનની સામે પડેલી ખુલ્લી જગ્યામાં રાખેલા ૩૧ જેટલા ડ્રમ આગની લપેટમાં આવી ગયા હતા. ભવદીપભાઈ નાનજીભાઈ જાદવ (ઉ.વ.૨૬) એ જાહેર કર્યા મુજબ, અમરેલી સિટી વિસ્તારમાં વીજ લાઇનના કેબલ બદલવાની કામગીરી ચાલતી હોવાથી વીજ વાયરના કુલ ૩૩ ડ્રમ એક ઘરની સામેની પડતર જગ્યામાં ઉતારવામાં આવ્યા હતા. અચાનક કોઈ કારણોસર આ ડ્રમમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ભીષણ હતી કે જોતજોતામાં ડ્રમને પોતાની લપેટમાં લઈ લીધા હતા. જેમાં ૧૮ ડ્રમ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. ૧૩ ડ્રમ અડધા બળી જવાથી નુકસાન પામ્યા હતા અને ૨ ડ્રમ સુરક્ષિત બચાવી લેવાયા હતા. આગને કારણે અંદાજે રૂ. ૨૮,૪૫,૨૮૨નું મોટું નુકસાન થયું હતું. આટલી મોટી માત્રામાં વીજ વાયરના ડ્રમમાં આગ કેવી રીતે લાગી તે અંગે હાલ રહસ્ય અકબંધ છે. શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ કારણસર આગ લાગી છે કે કેમ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. સાવરકુંડલામાં ડેલા બહાર

પાર્ક કરેલી રીક્ષામાં આગ લાગી હતી. હિંમતસિંહ કનુસિંહ જાડેજા (ઉ.વ.૪૮) એ જાહેર કર્યા મુજબ, તેઓ તેના ઘરે સુતા હતા તે દરમ્યાન અતુલ ઓટો રીક્ષા ય્ન્-૨૦-ઉ-૧૪૯૦ ઘરના ડેલાની બહાર પાર્ક કરી હતી. જેમાં અચાનક કોઈપણ કારણોસર આગ લાગતા સળગી જતાં રૂ.૫૦,૦૦૦નું નુકસાન થયું હતું.

# VB-G RAM G કાયદો ગ્રામીણ રોજગારની ગેરંટી આપશે

## ૧૨૫ દિવસની રોજગાર સુરક્ષા, યોગેશ જોશીએ માહિતી આપી

અમરેલી

કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ પરિવારોને સ્થાયી રોજગાર અને મજબૂત આજીવિકા સુરક્ષા પૂરી પાડવા માટે વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) અંતર્ગત ફ્મ્-ય ઈછ્રસ ય ગેરંટી કાયદો–૨૦૨૫ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદો ગ્રામીણ વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે ગ્રામીણ જનતાના જીવનસ્તરને સુધારવાની નવી આશા જગાવે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોશીએ આ કાયદા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સંસદમાં પસાર થયેલા આ અધિનિયમ દ્વારા અગાઉની ૧૦૦ દિવસની રોજગાર ગેરંટીમાં સુધારો કરીને ૧૨૫ દિવસની કાનૂની રોજગાર ગેરંટી આપવામાં આવી છે. આ સુધારાથી ગ્રામીણ પરિવારોને વર્ષભર વધુ આર્થિક સ્થિરતા પ્રાપ્ત થશે.

કાયદાની એક મહત્વપૂર્ણ વિશેષતા સમયસર વેતન ચુકવણી પર વિશેષ ભાર છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (દ્બ્મ્) પદ્ધતિ દ્વારા કામદારોના ખાતામાં સીધું વેતન જમા થશે, જેનાથી પારદર્શિતા વધશે અને મધ્યસ્થીઓની ભૂમિકા દૂર થશે. વેતન ચુકવણીમાં વિલંબ થાય તો વળતર ચૂકવવાની પણ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

# ઉર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે શેડુભાર મુકામે કોઝ વે પર બોક્ષ કલવર્ટ કામીગીરનું ખાતમુહૂર્ત

## શેડુભાર મુકામે હયાત કોઝની જગ્યાએ આશરે રૂ. ૫૬ લાખના ખર્ચે બોક્ષ કલવર્ટની કામગીરી થશે

અમરેલી :ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ કાયદો અને ન્યાય રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી તાલુકાના શેડુભાર મુકામે શુક્રવારે હયાત કોઝ વે પર બોક્ષ કલવર્ટની કામગીરીનો શુભારંભ થયો હતો. ટોડા જરખીયા-અડતાળા-ખીજડીયા-શેડુભાર રોડ પર શેડુભાર ગામમાંથી પસાર થતા કોઝ વે પર આશરે રૂ. ૫૬.૬૦ લાખના ખર્ચે ખાનાવાળા બોક્ષકલવર્ટની કામગીરી માર્ગ મકાન વિભાગ રાજ્ય દ્વારા કરવામાં આવશે.

શેડુભાર ગામમાં સ્થાનિકોની માંગણી મંજૂર થતા રાજ્યમંત્રીશ્રીના હસ્તે હયાત કોઝ-વેની જગ્યાએ ૦૬ જગ્યાએ ૨.૦૦ મીટર પહોળાઈ અને ૨.૦૦ મીટરની ઉંચાઈના ખાનાવાળા બોક્ષકલવર્ટ મૂકવામાં આવશે. જેના લીધે ચોમાસામાં પાણી ઓવરટેપીગ થવાના સંજોગોમાં પણ આવનજાવન શરૂ રહેશે અને ગામમાંથી પસાર થતી નદીમાંથી સરળતાથી રસ્તો પસાર કરી શકાશે.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ ગુણવત્તાયુક્ત કામ થાય તે સુનિશ્ચિત કરવા માર્ગ મકાન વિભાગ રાજ્યના અધિકારીશ્રી તેમજ કોન્ટ્રાક્ટરને સૂચના આપી હતી તેમજ ગ્રામજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. ગામના સરપંચ સહિતના મહિલા અગ્રણીઓના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ મંત્રીશ્રીનો સ્વાગત સત્કાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લામાં કુલ ૩૩૪૦૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા માટે સજ્જ

મિલાપ રૂપારેલઅમરેલી

દર વર્ષે માર્ચ મહિનાથી પરીક્ષાની મોસમ ખુલે છે. પરંતુ ચાલુ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં જ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂઆત થશે જેને લઈ પરીક્ષાર્થીઓ, સ્કૂલ, તથા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવેલ છે.

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ અગાઉ જ જાહેર થયા મુજબ ત્યારે અમરેલી જિલ્લા ડી.ઈ.ઓ. કચેરી ંક્રંર શિક્ષણ તંત્ર પરીક્ષાના આયોજન માટે સજ્જ બન્યું છે. જિલ્લામાં કુલ ૩૩૪૦૦ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપવા માટે સજ્જ થઈ ગયા છે.

આગામી તા. ૨૬ થી પરીક્ષાના જુદા જુદા તબક્કા શરૂ થનાર છે. ધોરણ ૧૦ અને ૧૨ની ફાઈનલ એકઝામની પુરજોશથી તૈયારી કરી રહ્યા છે. તેવા સંજોગોમાં શિક્ષણ વિભાગે પણ આ પરીક્ષાની તૈયારી પુરજોશમાં શરૂ કરી છે. અમરેલી જિલ્લામાં ૧૦૪૦૦ છાત્રો ધોરણ ૧૦ની પરીક્ષા આપશે.

આ અંગે શિક્ષણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, ધોરણ ૧૦ ની પરીક્ષા માટે અમરેલી અને સાવરકુંડલા બે ઝોન પાડવામાં આવ્યા છે. અમરેલી ઝોનમાં ૧૪ કેન્દ્ર પર ૪૯ બિલ્ડીંગ, જ્યારે સાવરકુંડલા ડીવીઝનમાં ૧૪ કેન્દ્ર પર ૪૪ બિલ્ડીગમાં ધોરણ ૧૦ ની પરીક્ષા લેવાશે. આમ સમગ્ર જિલ્લામાં ૨૮ કેન્દ્રમાં ૯૩ બિલ્ડીગમાં ધોરણ ૧૦ ની પરીક્ષા લેવાશે.

જ્યારે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા અમરેલી ઝોનના ૩ કેન્દ્રમાં જુદી જુદી ૮ બિલ્ડીગમાં લેવાશે. અને સાવરકુંડલા ઝોનના ૨ કેન્દ્રમાં ૪ બિલ્ડીગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા જિલ્લા માં ૫ કેન્દ્રમાં જુદા જુદા ૧૨ બિલ્ડીગમાં લેવાશે.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી ઝોનના ૭ કેન્દ્રમાં ૨૦ બિલ્ડીંગમાં તથા સાવરકુંડલા ઝોનના ૮ કેન્દ્રમાં ૩૦ બિલ્ડીગમાં લેવાશે. આમ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૧૫ કેન્દ્રો રહેશે. આ કેન્દ્રો પર જુદી જુદી ૫૦ જેટલી શાળામાં પરીક્ષાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શિક્ષણ વિભાગના સુત્રોએ એમ પણ જણાવ્યું હતું કે, ગુજકેટની પરીક્ષા જિલ્લામાં એક માત્ર અમરેલી કેન્દ્રમાં લેવાશે. અમરેલી શહેરમાં જુદા જુદા ૧૧ શાળામાં આ માટે બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટીકલ પરીક્ષા અમરેલી ઝોનમાં ૩ કેન્દ્રમાં ૫ જેટલાં બિલ્ડીંગમાં લેવામાં આવશે. આવી જ રીતે આ પરીક્ષા સાવરકુંડલા ઝોનમાં ૨ કેન્દ્રમાં જુદી જુદી ૨ બિલ્ડીંગમાં લેવાશે.

અમરેલી જિલ્લામાં યોજાનારી બોર્ડની પરીક્ષામાં દરેક પરિક્શ્ન કેન્દ્ર ઉપર સીસીટીવી કેમેરા રાખવામાં આવશે. અને પરીક્ષા ખંડમાં સીસીટીવી કેમેરા લગાવવા ઉપરાંત સ્થાનિક પોલીસ દ્વારા પણ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

# શિક્ષણથી સશક્તિકરણ તરફ : "નમો લક્ષ્મી સ્કોલરપશીપ" યોજનાથી અમરેલીની દીકરીઓને અભ્યાસમાં મળી નવી દિશા

## અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૫-૨૬માં ધો.૯-૧૨ની ૩૧૬ શાળાની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને રૂ. ૧૨.૨૮ કરોડ રૂપિયાની સ્કોલરશીપ મળી

અમરેલી : રાજ્ય સરકાર શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલમાં મુકાયેલી "નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજના ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે એક મહત્વપૂર્ણ સહાયક યોજના તરીકે ઉભરી આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થિનીઓને માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક સ્તરે શિક્ષણ સતત ચાલુ રાખવા માટે આર્થિક આધાર પૂરું પાડવાનો છે, જેથી શિક્ષણ છોડવાની પ્રવૃત્તિ પર અસરકારક નિયંત્રણ આવી શકે. આર્થિક સ્થિતિ જેવા સંજોગોના કારણે અભ્યાસ પડતો મૂકીને વિદ્યાર્થિનીઓ પોતાના સ્વપ્ન સાકાર ન કરી શકે તેવી સ્થિતિમાં આ યોજના ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.






અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એમ.બી.ગોહિલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન અમરેલી જિલ્લામાં આ યોજનાનો વ્યાપક અમલ કરવામાં આવ્યો છે. જિલ્લાની કુલ ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને "નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજનાના લાભરૂપે રૂ. ૧૨,૨૮,૩૦,૦૦૦ની સહાયતા ચૂકવવામાં આવી છે. નમો લક્ષ્મી સ્કોલરશીપ યોજનાના અમલથી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોની તેમજ આર્થિક રીતે જરૂરિયાતમંદ દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન મળ્યું છે. આ યોજનાના કારણે અનેક દીકરીઓ શાળામાં નિયમિત રીતે ભણવા જોડાઈ છે અને તેમના શૈક્ષણિક વિકાસમાં સકારાત્મક વધારો નોંધાયો છે. સરકારની આ પહેલ દીકરીઓના શિક્ષણને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

તેમણે ઉમેર્યું કે, આ સ્કોલરશીપના લીધે અમરેલી શહેરની જ ટી.પી.એમ.ટી ગર્લ્સ સ્કૂલની બે દીકરીઓ નબળી આર્થિક પરિસ્થિતિના કારણે આગળ અભ્યાસ કરવાની ન હતી પરંતુ નમો લક્ષ્મી સ્કોલરશીપ યોજનાનો લાભ મળતા આ બંને દીકરીઓ પોતાનું ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ હવે પૂર્ણ કરશે.

આ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાની ૬૭ શાળાઓની ૩,૫૯૯, બાબરા તાલુકાની ૨૪ શાળાઓની ૧૫૩૫, લાઠી તાલુકાની ૦૯ શાળાની ૧,૬૬૯, લીલીયા તાલુકાની ૩૨ શાળાની ૬૪૯, કુંકાવાવ તાલુકાની ૨૪ શાળાની ૮૩૦, બગસરા તાલુકાની ૧૬ શાળાની ૧૧૧૭, ધારી તાલુકાની ૨૧ શાળાની ૧,૩૯૦, ખાંભા તાલુકાની ૧૮ શાળાની ૧,૧૧૩, રાજુલા તાલુકાની ૩૯ શાળાની ૨,૮૪૧, જાફરાબાદ તાલુકાની ૨૧ શાળાની ૧,૮૬૨, સાવરકુંડલા તાલુકાની ૪૫ શાળાની ૨,૯૧૫ વિદ્યાર્થિનીઓ મળી જિલ્લાની ૩૧૬ શાળાઓની ધો. ૯-૧૨ની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ દ્વારા પોતાના શિક્ષણમાં પૂરક સહાયતા મળી છે. આ યોજનાના લીધે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ સુધી ભણાવવાની માનસિકતા મજબૂત બની છે.

"નમો લક્ષ્મી યોજના" અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ની વિદ્યાર્થિનીઓને માસિક આધાર પર સહાય આપવામાં આવે છે, જ્યારે ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને વધુ પ્રોત્સાહક દરે સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે. અભ્યાસ પૂર્ણ કરવા પ્રોત્સાહનરૂપે નિર્ધારિત ધોરણ પાસ કર્યા બાદ વધારાની સહાય પણ આપવામાં આવે છે. સમગ્ર સહાય રકમ ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર (દ્બ્મ્) મારફતે સીધી વિદ્યાર્થિનીના બેંક ખાતામાં જમા થતી હોવાથી પારદર્શિતા અને સમયબદ્ધ ચુકવણી સુનિશ્ચિત થાય છે.

આ યોજના અંતર્ગત અમરેલી ધો. ૯-૧૨ની ૧૯,૫૨૦ વિદ્યાર્થિનીઓને આ સ્કોલરશીપ દ્વારા પોતાના શિક્ષણમાં પૂરક સહાયતા મળી છે. આ યોજનાના લીધે દીકરીઓને ઉચ્ચ અભ્યાસ સુધી ભણાવવાની માનસિકતા મજબૂત બની છે. "નમો લક્ષ્મી સ્કોલરશીપ" યોજના માત્ર નાણાકીય સહાય પૂરતી સીમિત નથી, પરંતુ તે દીકરીઓના આત્મવિશ્વાસ, શૈક્ષણિક સ્થિરતા અને સામાજિક સશક્તિકરણ તરફનો એક મહત્વપૂર્ણ પગથિયો છે. અમરેલી જિલ્લાની ઉપલબ્ધિ એ દર્શાવે છે કે સરકારની યોગ્ય નીતિ, સમયસર અમલ અને વહીવટી સમન્વય દ્વારા શિક્ષણ ક્ષેત્રે દીર્ઘકાલીન સકારાત્મક બદલાવ શક્ય બની રહ્યો છે.

આલેખન : જય મિશ્રા

# અમરેલીના નવા ખીજડીયા ગામે પાણી નિકાલ બાબતે મહિલા પર હુમલો

અમરેલી :જિલ્લાના નવા ખીજડીયા ગામે નજીવી બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. ઘરના પાણીના નિકાલ જેવી સામાન્ય બાબતે એક મહિલા સાથે ઝઘડો કરી, તેને શારીરિક ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. મોનીકાબેન હરેશભાઇ ગોવિંદભાઇ કણબી (ઉ.વ.૨૪)એ જયસુખભાઇ ઉર્ફે કાળુભાઇ પાલાભાઇ કણબી, કાંતીભાઇ વાઘજીભાઇ કણબી, પીન્ટુભાઇ હરીભાઇ કણબી તથા રવિભાઇ ગોરધનભાઇ કણબી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ઘરનું પાણી શેરીમાં નીકળતું હતું. આ બાબતને મુદ્દો બનાવી ગામના જ જયસુખભાઈ કણબીએ તેમની સાથે ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ શરૂ કરી હતી. આરોપીએ ઉશ્કેરાઈ જઈ મહિલાની સાડીનો છેડો ખેંચી તેને જમીન પર પછાડી દીધી હતી. એટલું જ નહીં, મહિલાને પેટના ભાગે ઢીકાપાટુનો મુંઢમાર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઝઘડા દરમિયાન અન્ય ત્રણ શખ્સો પણ ત્યાં આવી પહોંચ્યા હતા. અન્ય આરોપીઓએ મહિલાને બેફામ ગાળો આપી હતી અને 'જાનથી મારી નાખવી છે' તેવી ધમકી આપી ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. આ ચારેય શખ્સોએ એકબીજાની મદદગારી કરી ગુનો આચરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. જે બાદ જયસુખભાઇ ઉર્ફે કાળુભાઇ પાલાભાઇ કણબી (ઉ.વ.૪૦) એ ગોવિંદભાઇ જીવાભાઇ કણબી, રાજુભાઇ ગોવિંદભાઇ કણબી તથા પરેશભાઇ હરીભાઇ કણબી સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીના ઘરનું પાણી શેરીમાં આવતું હોવાથી તેમને કહેલ કે તમારા ઘરનું પાણી શેરીમાં આવે છે તેની વ્યવસ્થા કરો. તેમ કહેતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને જેમફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. તેમજ બોલાચાલી કરી હાથે પગેથી મુંઢમાર મારી નીચે પછાડી દીધા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

### જિલ્લામાંથી સાત શરાબી પકડાયા

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કાયદાના કડક અમલીકરણ માટે પોલીસ વડાની સૂચના મુજબ ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત પોલીસે વિવિધ સ્થળોએ દરોડા પાડી નશાની હાલતમાં ફરતા સાત શખ્સોને ઝડપી પાડ્યા હતા. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. આ દરમિયાન જિલ્લાના અલગ-અલગ તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારોમાંથી કુલ સાત જેટલા ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)